# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### ત્રીજું સત્ર

## ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૩

----

**જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓઃ** [ઉદ્યોગ - કૃષિ - પશુપાલન - ગૌ-સંવર્ધન - નાગરિક ઉડ્ડયન - આદિજાતિ વિકાસ - સામાજિક ન્યાય અને અધિકારિતા - મત્સ્યોદ્યોગ - મહિલા અને બાળ કલ્યાણ - કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ - શ્રમ અને રોજગાર - પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ - લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ ].

**કુલ પ્રશ્નો 115**

----

### ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ ઔદ્યોગિક પાર્ક વિકસાવવા માટે સહાય

15/3/160 *1 **શ્રી ચૈતન્ય મકરંદભાઈ દેસાઈ (અકોટા):**

**ઉદ્યોગ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ ઔદ્યોગિક પાર્કને વિકસાવવા માટે કેટલી સહાય મળવાપાત્ર છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત નીતિ હેઠળ કુલ કેટલા પાર્ક નોંધાયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ નીતિ હેઠળ કુલ કેટલી સહાય આપવામાં આવેલ છે?

----

### સુરત જિલ્લામાં નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોની આર્થિક સહાય યોજના

15/3/93 *2 **શ્રીમતી સંગીતાબેન રાજેન્દ્રભાઈ પાટીલ (લીંબાયત):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોની આર્થિક સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી?

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી?

----

### રાજ્યમાં પોતાના મકાનમાં કાર્યરત આઈ.ટી.આઈ

15/3/167 *3 **પાયલ મનોજકુમાર કુકરાની (નરોડા):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી સરકારી આઈ.ટી.આઈ. પોતાના મકાનમાં કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી આઈ.ટી.આઈ.ના નવીન મકાનના બાંધકામ કરવામાં આવેલ છે?

----

## કેન્દ્ર સરકારની કંપનીઓમાં સ્થાનિકોને રોજગારી

15/3/323 *4 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં આવેલ ઓ.એન.જી.સી. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડીયા અને આઈ.ઓ.સી. કંપનીમાં રાજ્યના ૮૫ ટકા સ્થાનિકોને રોજગારી આપવાના પરિપત્રનુ પાલન થતુ નથી, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તે માટે છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધા?

----

## ખેડા જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે મળેલ ફરિયાદો

15/3/171 *5 **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન ખેડા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે કર્મચારી/વર્કરોના શોષણ અને અન્યાય બાબતે કેટલી ફરિયાદો મળી, અને

(૨) તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## અરવલ્લી જિલ્લામાં પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના

15/3/30 *6 **શ્રી બાબુસિંહ સારાભાઈ જાદવ (વટવા):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં અરવલ્લી જિલ્લામાં પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પૈકી કુલ કેટલી રકમની શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવી?

----

## સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે આયોગ

15/3/462 *7 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગની રચના ક્યારે કરવામાં આવેલ,

(૨) ઉક્ત આયોગની મુદતમાં ક્યારે કેટ કેટલો વધારો કરવામાં આવેલ,

(૩) ઉક્ત આયોગના ચેરમેન અને સભ્યો કોણ છે, અને

(૪) ઉક્ત આયોગ દ્વારા અહેવાલ રાજ્ય સરકારને ક્યારે સોંપવામાં આવેલ છે?

----

## ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ MSME એકમોની ક્લેઈમ અરજીઓ

15/3/289 *8 **શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા (વાઘોડીયા):**

**ઉદ્યોગ :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ વાઘોડિયા અને વડોદરા તાલુકામાં માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપાઈઝીસ (MSME) એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા એકમોને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## મોરબી જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે મળેલ ફરિયાદો

15/3/172 *9 **શ્રી દુર્લભજીભાઇ હરખજીભાઇ દેથરીયા (ટંકારા):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન મોરબી જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે કર્મચારી/વર્કરોના શોષણ અને અન્યાય બાબતે કેટલી ફરિયાદો મળી, અને

(૨) તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## વેરાવળ ફેઝ-૨ મત્સ્યબંદર વિકસાવવાની કામગીરી

15/3/61 *10 **શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા):**

**મત્સ્યોદ્યોગ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ફેઝ-૨ મત્સ્ય બંદરને વિકસાવવાની કામગીરી વિકસાવવાની ક્યાં તબક્કામાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉક્ત કામ અંગે કેટલો ખર્ચ થયો છે, અને

(૩) ઉક્ત કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

----

## રાજ્યમાં વસતા પરપ્રાંતિય લોકોને બક્ષીપંચના લાભો મળવા બાબતની દરખાસ્ત

15/3/471 *11 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

તેરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૨૪/૦૩/૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૭૮૭૭ (અગ્રતા-૧૪૬)ના અનુસંધાને

માનનીય **સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજ્યમાં વસતા પરપ્રાંતિય લોકોને બક્ષીપંચના લાભો મળે તે બાબતની દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ વિચારણા કયા તબક્કે છે અને શો નિર્ણય કર્યો છે, અને

(૩) તેનો અમલ ક્યારે શરૂ કરવામાં આવનાર છે?

----

## ગાંધીનગર જિલ્લામાં મરઘાં પાલનની તાલીમ

15/3/54 *12 **શ્રી અલ્પેશ ખોડાજી ઠાકોર (ગાંધીનગર (દક્ષિણ)):**

**પશુપાલન :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા આર્થિક રીતે નબળાં મરઘાંપાલકોને મરઘાંપાલન અંગેની તાલીમ આર.આઈ.આર/કડકનાથ પક્ષી આપવાની યોજનામાં લાભ આપવામાં આવ્યો, અને

(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ?

----

## સુરત જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના

15/3/100 *13 **શ્રી પ્રવિણભાઈ મનજીભાઈ ઘોઘારી (કરંજ):**

**પશુપાલન :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્વરોજગારી હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના અંતર્ગત સુરત જિલ્લામાં કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના અન્વયે કુલ કેટલી રકમ સહાય પેટે ચુકવવામાં આવી?

----

## ડીપ-સી પાઈપલાઈન માટે પર્યાવરણીય સંમતિ

15/3/486 *14 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

ઉદ્યોગ :-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ડીપ-સી પાઈપલાઈન નાંખવા માટે એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટના નોટીફીકેશન તા.૧૪/૦૯/૨૦૦૬ મુજબ પર્યાવરણીય સંમતિ લેવી જરૂરી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ રીપોર્ટ ક્યારે અને કોના દ્વારા તૈયાર કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ પર્યાવરણીય સંમતિ માટે દરખાસ્ત ક્યારે મોકલવામાં આવી?

----

**કેપિટલ સબસીડી ટુ લાર્જ એન્ડ થ્રસ્ટ સેક્ટરને સહાય બાબત**

15/3/155 *15 **શ્રી રમેશભાઈ વીરજીભાઈ ટીલાળા (રાજકોટ દક્ષિણ):**

ઉદ્યોગ :-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ કેપિટલ સબસીડી ટુ લાર્જ અને થ્રસ્ટ સેક્ટર અંતર્ગત કેટલા ઉદ્યોગોની અરજી મંજૂર કરવામાં આવેલ છે,

(૨) આ એકમો થકી કેટલું મૂડીરોકાણ ઉભુ થનાર છે, અને

(૩) આ એકમો થકી કેટલી રોજગારી ઉભી થનાર છે?

----

**ગુજરાત ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને સહાય બાબત**

15/3/158 *16 **શ્રી કાંતીભાઈ હિંમતભાઈ બલર (સુરત (ઉત્તર)):**

ઉદ્યોગ :-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે સહાય યોજના-૨૦૧૯ હેઠળ ટેક્ષટાઈલ ક્ષેત્રની કુલ કેટલી અરજીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું?

(૨) તે અન્વયે કુલ કેટલું મૂડીરોકાણ કરવામાં આવનાર છે, અને

(૩) તેમાંથી કેટલી પ્રત્યક્ષ રોજગારી ઉભી થશે?

----

**આઈ.ટી.આઈ.માં સમર સ્કિલ વર્કશોપમાં તાલીમ**

15/3/166 *17 **શ્રી અમીત શાહ (એલીસબ્રીજ):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં સમર સ્કિલ વર્કશોપમાં તાલીમ માટે કેટલી બેઠકો મંજૂર કરવામાં આવેલ,

(૨) તેમાં કેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી કેટલી મહિલા વિદ્યાર્થીનીઓને તાલીમ આપવામાં આવેલ છે?

----

## જામનગર જિલ્લામાં મરઘાં પાલનની તાલીમ

15/3/56 *18 **શ્રી દિવ્યેશભાઇ રણછોડભાઇ અકબરી (જામનગર (દક્ષિણ)):**

**પશુપાલન :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા આર્થિક રીતે નબળાં મરઘાંપાલકોને મરઘાંપાલન અંગેની તાલીમ અને આર.આઈ.આર/કડકનાથ પક્ષી આપવાની યોજનામાં લાભ આપવામાં આવ્યો, અને

(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ?

----

## મહેસાણા જિલ્લામાં મરઘાં પાલનની તાલીમ

15/3/102 *19 **શ્રી કરશનભાઇ પુંજાભાઇ સોલંકી (કડી):**

**પશુપાલન :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા આર્થિક રીતે નબળાં મરઘાંપાલકોને મરઘાંપાલન અંગેની તાલીમ આર.આઈ.આર/કડકનાથ પક્ષી આપવાની યોજનામાં લાભ આપવામાં આવ્યો, અને

(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ?

----

## સુરત જિલ્લામાં વર્ષાંયુ ફળ/પાકોના વાવેતર માટે ખેડૂતોને સહાય

15/3/96 *20 **શ્રી મોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને વર્ષાયું ફળ પાકોના વાવેતર માટે રાજ્ય સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેળ (ટીસ્યુ), પાકના વાવેતર માટે કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

----

## રાજ્યના માછીમારોને ફિશિંગ બોટોમાં ફાઈબર રોપ પર સહાય

15/3/62 *21 **શ્રી હિરાભાઇ ઓધવજીભાઇ સોલંકી (રાજુલા):**

**મત્સ્યોદ્યોગ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યના માછીમારોને ફિશિંગ બોટોમાં ફાઈબર રોપ પર સહાય આપવાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના પર કેટલી સહાય આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

**રાજ્યમાં ડીપ-સી પાઈપલાઈનની કામગીરી**

15/3/483 *22 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**ઉદ્યોગ :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ડીપ-સી પાઈપ લાઈન નાંખવામાં આવનાર છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત પાઈપ લાઈન ક્યાંથી ક્યાં સુધીમાં નાંખવામાં આવશે અને કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે,

(૩) ઉક્ત ખર્ચમાં રાજ્ય સરકાર અને ઉદ્યોગોનો કેટલો હિસ્સો છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે?

----

**અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં થયેલ પ્રાણઘાતક અકસ્માત**

15/3/362 *23 **શ્રી જનકભાઈ તળાવિયા (લાઠી):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા,

(૨) ઉક્ત પ્રાણઘાતક અકસ્માતો સંદર્ભમાં સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) ઉક્ત અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે?

----

**રાજ્યમાં આવેલ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ**

15/3/164 *24 **ડૉ. દર્શીતા શાહ (રાજકોટ પશ્ચિમ):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ આવેલી છે,

(૨) તે પૈકી કેટલી મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ આવેલી છે,

(૩) ઉક્ત સ્થિતિએ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓની કુલ કેટલી બેઠકો મંજૂર કરવામાં આવેલ છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવેલ છે?

----

## જૂનાગઢ જિલ્લામાં અતિવૃષ્ટિથી થયેલ ખેતીના પાકોને નુકસાન

15/3/490 *25 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**કૃષિ :-**

(૧) જુન-જુલાઈ ૨૦૨૩માં જૂનાગઢ જિલ્લામાં થયેલ અતિવૃષ્ટિથી ખેતી પાકોને નુકશાન અને જમીન ધોવાણ થયેલ છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર ક્યા પાકોનું અને કેટલી જમીનનું ધોવાણ થયું છે,
(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચુકવવામાં આવી અને કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચુકવવાની બાકી છે, અને
(૪) ઉક્ત બાકી સહાયની રકમ ક્યાં સુધીમાં ચુકવવાનું આયોજન છે?

----

## રાજ્યમાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ ની જગ્યાઓ

15/3/495 *26 **શ્રી ચિરાગકુમાર અરવિંદભાઈ પટેલ (ખંભાત):**

**પશુપાલન :-**

૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૬-૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૨૮૧૫ (અગ્રતા-૧૯૭)ના અનુસંધાને માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં પશુપાલન અધિકારી વર્ગ-૨ની કુલ ૪૬૦ જગ્યાઓ પૈકી ૩૧૫ જગ્યાઓ ખાલી હતી તે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ ભરવાનું આયોજન હતું તો તા.૩૧-૭- ૨૦૨૩ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી,
(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,
(૩) ઉક્ત ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરની અવધી ક્યારે પૂર્ણ થાય છે, અને
(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

----

## જ્ઞાનશકિત રેસીડેન્શિયલ સ્કુલમાં પ્રવેશ મેળવવા માટેની કોમન પ્રવેશ પરીક્ષા

15/3/478 *27 **ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

(૧) ગુજરાત સરકાર દ્વારા આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૩-૨૪થી સામાજિક ભાગીદારી દ્વારા જ્ઞાનશકિત રેસીડેન્શિયલ સ્કૂલ્સ, જ્ઞાનશકિત ટ્રાયબલ રેસીડેન્શિયલ સ્કૂલ્સ, જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ અને રક્ષાશકિત સ્કૂલ્સમાં ધોરણ-૬માં પ્રવેશ મેળવવા માટે કોમન પ્રવેશ પરીક્ષા તા.૨૭-૪-૨૦૨૩ના રોજ યોજવાની જાહેરાત કરવામાં આવેલ તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો તા.૩૧-૭-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત પરીક્ષા ક્યારે કેટલા સ્થળોએ યોજાયેલ છે,
(૩) ઉક્ત પરીક્ષામાં કેટલા પરીક્ષાર્થીઓએ નોંધણી કરાવેલ અને કેટલા પરીક્ષાર્થીઓ પરીક્ષામાં હાજર રહેલ

હતા, અને

(૪) ઉક્ત પરીક્ષા અન્વયે કુલ કેટલો ખર્ચ થયો અને થયેલ ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવેલ ?

----

## છોટાઉદેપુર જિલ્લામાં શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટેની સહાય

15/3/38 *28 **શ્રી જયંતિભાઇ સવજીભાઇ રાઠવા (જેતપુર(એસ.ટી.)):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## ડીપ-સી પાઈપલાઈન માટે ફીઝીબીલિટી સ્ટડી રીપોર્ટ

15/3/476 *29 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**ઉદ્યોગ :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ડીપ-સી પાઈપ લાઈન નાખવા અંગે ફીઝીબીલિટી સ્ટડી રીપોર્ટ ક્યારે તૈયાર કરવામાં આવેલ,

(૨) ઉક્ત્ત રીપોર્ટ કઈ એજન્સી દ્વારા તૈયાર કરવામાં આવેલ,

(૩) ઉક્ત રીપોર્ટ સરકારને ક્યારે મળેલ, અને

(૪) ઉક્ત્ત સ્થિતિએ ઉક્ત્ત રીપોર્ટ પેટે કોને કેટલી રકમ ચુકવવામાં આવી?

----

## સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે આયોગ

15/3/499 *30 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગની રચના ક્યારે કરવામાં આવેલ,

(૨) ઉક્ત્ત આયોગની મુદતમાં ક્યારે કેટ કેટલો વધારો કરવામાં આવેલ,

(૩) ઉક્ત્ત આયોગ દ્વારા રાજ્ય સરકારને ક્યારે અહેવાલ સોંપવામાં આવેલ છે, અને

(૪) ઉક્ત્ત અહેવાલનો અમલ ક્યારથી કરવામાં આવનાર છે?

----

## રાજ્યમાં માછીમારોને ડીઝલ વેટમાં રાહત

15/3/71 *31 **શ્રી પ્રદ્યુમન ગનુભાઈ વાજા (કોડીનાર):**

**મત્સ્યોદ્યોગ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા માછીમારોને ડીઝલ વેટ રાહત આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ કેટલા માછીમારોને ડીઝલ વેટ રાહત પેટે મંજૂર કરવામાં આવી?

----

## રાજ્યમાં પરંપરાગત કૃષિ વિકાસ યોજનાના લાભાર્થીઓ

15/3/469 *32 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં પરંપરાગત કૃષિ વિકાસ યોજના (PKVY) હેઠળ કેટલા હેક્ટરમાં ઓર્ગેનિક કૃષિ/ખેતી કરતા કેટલા લાભાર્થી ખેડૂતો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત યોજના હેઠળ રાજ્યમાં ઓર્ગેનિક ખેતીના કેટલા ક્ષેત્રફળમાં અને કેટલા ખેડૂતોને વધારો-ઘટાડો થયો, અને

(૩) ઉક્ત યોજના હેઠળ ખેડૂતોને કયા પ્રકારના લાભો આપવામાં આવે છે?

----

## અનુસૂચિત જાતિના માછીમારો માટે કરેલ જોગવાઈ

15/3/66 *33 **શ્રી મેઘજીભાઈ અમરાભાઈ ચાવડા (કાલાવડ):**

**મત્સ્યોદ્યોગ :-**

(૧) અનુસૂચિત જાતિના માછીમારો માટે વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલી જોગવાઈ કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત કરેલ જોગવાઈ અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને હાઈબ્રીડ શાકભાજી પાકોના વાવેતર માટે સહાય

15/3/98 *34 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને હાઈબ્રીડ શાકભાજી પાકોના વાવેતર માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## જૂનાગઢ જિલ્લાનાં માંગરોળ ખાતે નવા મત્સ્યબંદરના બાંધકામ બાબત

15/3/70 *35 **શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા (માંગરોળ):**

**મત્સ્યોદ્યોગ :-**

(૧) તા.૩૧-૦૩-૨૩ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાનાં માંગરોળ ખાતે નવા મત્સ્યબંદરના બાંધકામ માટે મંજૂરી આપવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત મત્સ્યબંદર બનાવવા માટે કેટલો ખર્ચ થયો, અને

(૩) ઉક્ત મત્સ્યબંદર વિકસાવવાની કામગીરી હાલ કયાં તબક્કામાં છે.?

----

## વડોદરા જિલ્લામાં પશુપાલન શિબિરનું આયોજન

15/3/104 *36 **શ્રી અક્ષયકુમાર ઈશ્વરભાઈ પટેલ (કરજણ):**

**પશુપાલન :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી તાલુકા પશુપાલન શિબિરનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કુલ કેટલા પશુપાલકોએ લાભ લીધો, અને

(૩) તે પેટે કેટલો ખર્ચ થયો ?

----

## નવસારી જિલ્લામાં આવેલ ચોખા સંશોધન કેન્દ્રમાં થયેલ અનઅધિકૃત બાંધકામ

15/3/502 *37 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ નવસારી જિલ્લામાં આવેલ ચોખા સંશોધન કેન્દ્ર કે તેના ભાગમાં પોલીસ સ્ટેશન બાંધી દેવામાં આવેલ છે તેમજ એગ્રીકલ્ચર ફાર્મ કે તેનો ભાગ ભારતીય હોટેલને સોંપી દેવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને

(૩) તે માટે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

----

## મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી પાસેથી થતી લેવાની રકમ

15/3/472 *38 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં તા.૨૮/૦૯/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૪૦૨૪૯ (અગ્રતા-૯૬)ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.

(૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી(અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડને રૂ.૬૬૮.૮૪ લાખ રકમની ખોટી રીતે ચૂકવણી થયેલ રકમ CAGના આખરી રીપોર્ટના આધારે વર્ષ:૨૦૧૪થી પરત લેવાની થાય છે, તે અન્વયે શિક્ષણ વિભાગ હસ્તકની અન્ય કચેરીઓમાં બાન મુકવાની બાબત શિક્ષણ વિભાગ કક્ષાએ હાલ વિચારણા હેઠળ હતી તે અન્વયે તા.૩૧-૭-૨૦૨૩ની સ્થિતિએ ક્યારે બાન મુકવામાં આવેલ,

(૨) ઉકત વિચારણા પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને

(3) ઉકત વિચારણા ક્યાં સુધીમાં પૂર્ણ કરીને બાન મુકવામાં આવશે ?

----

**જિલ્લામાં બક્ષીપંચ વિદ્યાર્થીઓ માટે છાત્રાલય**

15/3/299 *39 **શ્રી ઉમેશભાઈ નારણભાઈ મકવાણા (બોટાદ):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોટાદ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયનું નવું બિલ્ડીંગ બનાવવા માટે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી છે, અને

(૨) બોટાદ જિલ્લામાં ઉક્ત વર્ગના વિદ્યાર્થીઓ માટે છાત્રાલય કેટલા સમયમાં બનાવવામાં આવશે?

----

**બનાસકાંઠા જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી મિશન-ઓઈલસીડ યોજના**

15/3/49 *40 **શ્રી અનિકેત ગિરીશભાઈ ઠાકર (પાલનપુર):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જીલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી મિશન-ઓઈલસીડ યોજના અંતર્ગત કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી?

(૨) સદર તાલીમોમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી, અને તે પેટે કુલ કેટલો ખર્ચ થયો ?

----

**પાકિસ્તાની તંત્ર દ્વારા પકડાયેલા માછીમારોના કુંટુંબ માટે સહાય**

15/3/72 *41 **શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ (ઉના ):**

**મત્સ્યોદ્યોગ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ પાકિસ્તાન સત્તાવાળાઓ ધ્વારા પકડાયેલ માછીમારોના કુટુંબને જીવન

નિર્વાહ માટે રાજ્ય સરકાર ધ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે,તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો માથાદીઠ કેટલી દૈનિક આર્થિક સહાય આપવામાં આવે છે, અને
(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા માછીમાર કુટુંબોને કેટલી સહાય આપવામાં આવેલ છે?

----

**નર્મદા જિલ્લામાં પશુપાલન શિબિરનું આયોજન**

15/3/59 *42 **ડૉ.દર્શના ચંદુભાઈ દેશમુખ (નાંદોદ):**

**પશુપાલન :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલી તાલુકા પશુપાલન શિબિરનું આયોજન કરવામાં આવ્યું, અને
(૨) તેમાં કુલ કેટલા પશુપાલકોએ લાભ લીધો?
(૩) તે પેટે કેટલો ખર્ચ થયો છે?

----

**આર્ટીકલ ૨૭૫/૧ અને સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ અંતર્ગત મળેલ રકમ**

15/3/509 *43 **શ્રી ચૈતરભાઈ દામજીભાઈ વસાવા (ડેડીયાપાડા):**

**આદિજાતિ વિકાસ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આર્ટીકલ ૨૭૫/૧ અને સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ અંતર્ગત રાજ્ય સરકારને કેટલી રકમ મળી છે, અને
(૨) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કયા હેતુ માટે કેટલી રકમ ફાળવવામાં આવી?

----

**રાજ્ય માલિકીની એરસ્ટ્રીપ વિકસાવવાની કામગીરી**

15/3/481 *44 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**નાગરિક ઉડ્ડયન :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૨૨/૦૭/૨૦૧૯ના રોજ પાંચમી અતારાંકિત યાદીમાં સભાગૃહમાં રજૂ થયેલ અતારાંકિત પ્રશ્ન ક્રમાંક-૪૬૮૬ના અનુસંધાને માનનીય**નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧)અંબાજી, દ્વારકા, મોરબી, દહેજ, પાલીતાણા, ધોળાવીરા, રાજકોટ, અંકલેશ્વર, પરસોલી, રાજપીપળા, માંડવી, વણોદ(બેચરાજી) અને બગોદરા ખાતે રાજ્યની માલિકીની એરસ્ટ્રીપ વિકસાવવાનું આયોજન હતું, તે કામગીરી પ્રગતિમાં હતી તો તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ કેટલી એર સ્ટ્રીપનું કામ પૂર્ણ થયું,

(૨) ઉક્ત્ત સ્થિતિએ કઈ એરસ્ટ્રીપ વિકસાવવાની બાકી છે અને તેની કામગીરી કયાં તબક્કે છે,

(૩) બાકી એરસ્ટ્રીપને ક્યાં સુધીમાં વિકસાવવામાં આવશે, અને

(૪) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અંગે કઈ એરસ્ટ્રીપ માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## અરવલ્લી જિલ્લામાં ખેડૂતોને હાઈબ્રીડ શાકભાજી પાકોના વાવેતર માટે સહાય

15/3/44 *45 **શ્રી પી.સી. બરંડા (ભીલોડા):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને હાઈબ્રીડ શાકભાજી પાકોના વાવેતર માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## નવસારી જિલ્લામાં ક્ષેત્રિય નિદર્શન ગોઠવવા બાબત

15/3/45 *46 **શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં કુલ કેટલા ક્ષેત્રીય નિદર્શન ગોઠવવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલી સહાય ચુકવવામાં આવી છે?

----

## અમરેલી જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે મળેલ ફરિયાદો

15/3/175 *47 **શ્રી જયસુખભાઈ વલ્લભભાઈ કાકડિયા (ધારી):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન અમરેલી જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે કર્મચારી/વર્કરોના શોષણ અને અન્યાય બાબતે કેટલી ફરિયાદો મળી, અને

(૨) તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## છોટાઉદેપુર જિલ્લામાં ખેડૂતોને હાઈબ્રીડ શાકભાજી પાકોના વાવેતર માટે સહાય

15/3/97 *48 **શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી (સંખેડા):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને હાઈબ્રીડ શાકભાજી પાકોના વાવેતર માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## આણંદ જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ યોજના

15/3/33 *49 **શ્રી કમલેશભાઇ રમેશભાઇ પટેલ (પેટલાદ):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલી રકમની લોન આપવામાં આવી?

----

## અનુસૂચિત જનજાતિના માછીમારો માટે કરેલ જોગવાઈ

15/3/68 *50 **ડૉ.જયરામભાઇ ચેમાભાઇ ગામીત (નિઝર):**

**મત્સ્યોદ્યોગ :-**

(૧) અનુસુચિત જનજાતિના માછીમારો માટે વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલી જોગવાઈ કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત કરેલ જોગવાઈ અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

----

## મહેસાણા જિલ્લામાં કૃત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન

15/3/52 *51 **શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) (ઉંઝા):**

**પશુપાલન :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકો માટે પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવેલ, અને

(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ?

----

## બિપરજોય વાવાઝોડાથી મત્સ્યોદ્યોગને થયેલ નુકસાન

15/3/492 *52 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**મત્સ્યોદ્યોગ :-**

(૧) જૂન-૨૦૨૩માં રાજ્યમાં આવેલ બિપરજોય વાવાઝોડાથી મત્સ્યોદ્યોગને કેટલી રકમનું નુકશાન થયું,

(૨) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત નુકસાનીના વળતર પેટે માછીમારોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને કેટલી રકમની સહાય ચુકવવાની બાકી છે, અને
(૩) ઉક્ત બાકી સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે ?

----

## પાટણ જિલ્લામાં મરઘાં પાલનની તાલીમ

15/3/103 *53 **શ્રી લવીંગજી મુળજીજી સોલંકી (રાધનપુર):**

**પશુપાલન :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલાં આર્થિક રીતે નબળાં મરઘાંપાલકોને મરઘાંપાલન અંગેની તાલીમ અને આર.આઈ.આર/કડકનાથ પક્ષી આપવાની યોજનામાં લાભ આપવામાં આવ્યો, અને
(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ?

----

## રાજ્યમાં ઉડાન યોજના અંતર્ગત નવા રૂટ

15/3/184 *54 **શ્રી મનુભાઈ એમ. પટેલ (ઉધના):**

**નાગરિક ઉડ્ડયન :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ઉડાન યોજના અંતર્ગત કોઈ નવા રૂટ શરૂ કરવામાં આવ્યા છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યા નવા રૂટ શરૂ કરવામાં આવેલ છે?

----

## કચ્છ જિલ્લામાં મરઘાં પાલનની તાલીમ

15/3/57 *55 **શ્રી ત્રિકમ બિજલ છાંગા (અંજાર):**

**પશુપાલન :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા આર્થિક રીતે નબળાં મરઘાંપાલકોને મરઘાંપાલન અંગેની તાલીમ આર.આઈ.આર/કડકનાથ પક્ષી આપવાની યોજનામાં લાભ આપવામાં આવ્યો, અને
(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ?

----

## નવસારી જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ યોજના

15/3/32 *56 **શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ (ધરમપુર):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલી રકમની લોન આપવામાં આવી?

----

**વલસાડ જિલ્લામાં શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટેની સહાય**

15/3/40 *57 **શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ (વલસાડ):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

**મહેસાણા જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ યોજના**

15/3/31 *58 **શ્રી મુકેશકુમાર દ્વારકાદાસ પટેલ (મહેસાણા):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલી રકમની લોન આપવામાં આવી?

----

**અમરેલી જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી મિશન-ઓઈલસીડ યોજના**

15/3/47 *59 **શ્રી મહેશ કસવાલા (સાવરકુંડલા):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જીલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી મિશન-ઓઈલસીડ યોજના અંતર્ગત કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી?

(૨) સદર તાલીમોમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી, અને તે પેટે કુલ કેટલો ખર્ચ થયો ?

----

**દાહોદ જિલ્લામાં કૃત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન**

15/3/58 *60 **શ્રી કનૈયાલાલ બચુભાઈ કિશોરી (દાહોદ):**

**પશુપાલન :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દાહોદ જિલ્લામાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકો માટે પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવેલ, અને

(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ?

----

## ગાંધીનગર જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના

15/3/50 *61 **શ્રી જયંતિભાઈ સોમાભાઈ પટેલ (માણસા):**

**પશુપાલન :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્વરોજગારી હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના અન્વયે કુલ કેટલી રકમ સહાય પેટે ચુકવવામાં આવી?

----

## મહિસાગર જિલ્લામાં શાકભાજી અને ફળ પાકોના શોર્ટીંગ ગ્રેડીંગ યુનિટ

15/3/37 *62 **શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ શાકભાજી અને ફળ પાકોના શોર્ટીંગ ગ્રેડીંગ યુનિટ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ યોજનાકીય સહાય આપવામાં આવે છે, કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં મહિસાગર જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

----

## ભાવનગર જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી મિશન-ઓઈલસીડ યોજના

15/3/46 *63 **શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા (ભાવનગર (પૂર્વ)):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જીલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી મિશન-ઓઈલસીડ યોજના અંતર્ગત કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી?

(૨) સદર તાલીમોમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી, અને તે પેટે કુલ કેટલો ખર્ચ થયો ?

----

## ખેડા જિલ્લામાં શાકભાજી અને ફળ પાકોના શોર્ટીંગ યુનિટ

15/3/39 *64 **શ્રી કલ્પેશભાઈ આશાભાઈ પરમાર (માતર):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ શાકભાજી અને ફળ પાકોના શોર્ટીંગ ગ્રેડીંગ યુનિટ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ યોજનાકીય સહાય આપવામાં આવે છે, કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

----

**આણંદ જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે મળેલ ફરિયાદો**

15/3/170 *65 **શ્રી વિપુલકુમાર વિનુભાઈ પટેલ (સોજિત્રા):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન આણંદ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે કર્મચારી/વર્કરોના શોષણ અને અન્યાય બાબતે કેટલી ફરિયાદો મળી, અને

(૨) તે ફરિયાદો અનૂવયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

**અમદાવાદ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના**

15/3/29 *66 **શ્રીમતી દર્શના એમ વાઘેલા (અસારવા):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન(વયવંદના) યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી?

----

**આણંદ જિલ્લામાં મરઘાં પાલનની તાલીમ**

15/3/51 *67 **શ્રી ગોવિંદભાઈ રઈજીભાઈ પરમાર (ઉમરેઠ):**

**પશુપાલન :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આણંદ જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા મરઘાંપાલકોને આર.આઈ.આર/કડકનાથ પક્ષી આપવાની યોજનામાં લાભ આપવામાં આવ્યો, અને

(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ?

----

**ખેડા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં થયેલ પ્રાણઘાતક અકસ્માત**

15/3/361 *68 **શ્રી સંજયસિંહ વિજયસિંહ મહિડા (મહુધા):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા,

(૨) ઉક્ત પ્રાણઘાતક અકસ્માતો સંદર્ભમાં સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) ઉક્ત અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે?

----

**અંકલેશ્વર ખાતે હવાઈપટ્ટી વિકસાવવાનું આયોજન**

15/3/183 *69 **શ્રી રમેશભાઈ નારણદાસ મિસ્ત્રી (ભરૂચ):**

**નાગરિક ઉડ્ડયન :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ અંકલેશ્વર ખાતે હવાઈપટ્ટી વિકસાવવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત હવાઈપટ્ટી વિકસાવવાથી શાં લાભ થશે,

(૩) ઉક્ત સ્થિતિએ અંકલેશ્વર હવાઈપટ્ટીની શું સ્થિતિ છે, અને

(૪) ભવિષ્યમાં ઉક્ત હવાઈપટ્ટી ખાતે કયા પ્રકારની સુવિધાઓ વિકસાવવાનું આયોજન છે?

----

**મહેસાણા જિલ્લામાં વર્ષાયુ ફળ/પાકોના વાવેતર માટે ખેડૂતોને સહાય**

15/3/36 *70 **શ્રી સુખાજી સોમાજી ઠાકોર (બેચરાજી):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને વર્ષાયુ ફળ પાકોના વાવેતર માટે રાજ્ય સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તે અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવી ?

----

**વિદ્યાર્થીઓના આકસ્મિક મૃત્યુ સમયે વાલીઓને સહાય**

15/3/35 *71 **શ્રી ડી.કે.સ્વામી (જંબુસર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ અકસ્માતે અવસાન પામનાર વિદ્યાર્થીઓના વાલીઓને રાજ્ય સરકાર દ્વારા કઈ યોજના હેઠળ કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને

(૨) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓના અવસાનના કિસ્સામાં તેમના વાલીઓને કેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવેલ છે?

----

## સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે આયોગ

15/3/496 *72 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગની રચના ક્યારે કરવામાં આવેલ,

(૨) ઉક્ત આયોગ દ્વારા રાજ્ય સરકારને અહેવાલ ક્યારે સોંપેલ છે,

(૩) ઉક્ત અહેવાલ અન્વયે ઉક્ત સ્થિતિએ ક્યારે શાં પગલાં લેવામાં આવ્યા, અને

(૪) ઉક્ત અહેવાલનો ક્યાં સુધીમાં અમલ કરવામાં આવશે?

----

## વડોદરા જિલ્લામાં ખેડૂતોને હાઈબ્રીડ શાકભાજી પાકોના વાવેતર માટેની સહાય

15/3/43 *73 **શ્રી શૈલેષભાઈ કનૈયાલાલ મહેતા (ડભોઈ):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને હાઈબ્રીડ શાકભાજી પાકોના વાવેતર માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## દાહોદ જિલ્લામાં શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટેની સહાય

15/3/41 *74 **શ્રી સી.કે.રાઉલજી (ગોધરા):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## બનાસકાંઠા જિલ્લામાં પશુપાલન શિબિરનું આયોજન

15/3/60 *75 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**પશુપાલન :-**

(૧) ૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલી તાલુકા પશુપાલન શિબિરનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) તેમાં કુલ કેટલા પશુપાલકોએ લાભ લીધો?

(૩) તે પેટે કેટલો ખર્ચ થયો છે?

----

**મધ્યાહન ભોજન કેન્દ્રોમાં સમયસર રાશન ન મળવા બાબત**

15/3/465 *76 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

(૧) તા.૧૫/૦૮/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મધ્યાહન ભોજન કેન્દ્રોમાં રાશનનો જથ્થો સમયસર ન મળતો હોવાની કેટલી ફરીયાદો રાજ્ય સરકારને મળી,

(૨) ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ મધ્યાહન કેન્દ્રોમાં રાશનનો જથ્થો સમયસર મળે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા છે?

----

**ભાવનગર જીલ્લામાં મરઘાં પાલનની તાલીમ**

15/3/101 *77 **શ્રી શિવાભાઈ જેરામભાઈ ગોહિલ (મહુવા):**

**પશુપાલન :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલાં આર્થિક રીતે નબળાં મરઘાંપાલકોને મરઘાંપાલન અંગેની તાલીમ અને આર.આઈ.આર/કડકનાથ પક્ષી આપવાની યોજનામાં લાભ આપવામાં આવ્યો, અને

(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ?

----

**નર્મદા જિલ્લામાં મરઘાંપાલનની તાલીમ**

15/3/55 *78 **શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા (વાગરા):**

**પશુપાલન :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલાં આર્થિક રીતે નબળાં મરઘાંપાલકોને મરઘાંપાલન અંગેની તાલીમ અને આર.આઈ.આર/કડકનાથ પક્ષી આપવાની યોજનામાં લાભ આપવામાં આવ્યો, અને

(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ?

----

## અમદાવાદ જિલ્લામાં રોજગારવાંચ્છુઓ

15/3/324 *79 **શ્રી ઈમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, અમદાવાદ ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને સરકારી નોકરી મળી?

----

## બાંધકામ શ્રમિક બાળકોને ભાગ્યલક્ષ્મી બોન્ડ

15/3/463 *80 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ મજૂર શ્રમ કલ્યાણ યોજના અંતર્ગત બાંધકામ શ્રમિક બાળકોને ભાગ્યલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેટલા બાંધકામ શ્રમિક બાળકોને ભાગ્યલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા?

----

## વાઘોડીયા અને વડોદરા તાલુકામાંથી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારવાની દરખાસ્ત

15/3/287 *81 **શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા (વાઘોડીયા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાઘોડીયા અને વડોદરા તાલુકામાંથી બિન સરકારી ગ્રાન્ટ ઈન એઈડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારવાની કેટલી દરખાસ્તો મળી, અને
(૨) તે પૈકીની કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી છે?

----

## મોરબી જિલ્લાના મુખ્યમંત્રી ગૌ-માતા પોષણ યોજના

15/3/312 *82 **શ્રી દુર્લભજીભાઈ હરખજીભાઈ દેથરીયા (ટંકારા):**

**ગૌ-સંવર્ધન :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ મુખ્યમંત્રી ગૌ-માતા પોષણ યોજના હેઠળ લાભ મેળવતી પાંજરાપોળ/ગૌ-શાળાના બેંક ખાતા સમયસર ન ખુલી શકતા ફાળવેલ રકમ જમા થયેલ નથી. તો પુનઃ આ રકમ આ સંસ્થાના ખાતામાં ફાળવવાનું કોઈ આયોજન છે,અને
(૨) જો હા, તો કેટલા સમયગાળામાં આ રકમ જમા કરવામાં આવશે?

----

## ગીર સોમનાથ જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે મળેલ ફરિયાદો

15/3/173 *83 **શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન ગીર સોમનાથ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે કર્મચારી/વર્કરોના શોષણ અને અન્યાય બાબતે કેટલી ફરિયાદો મળી, અને

(૨) તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## ટેક્ષટાઇલ પોલીસી-૨૦૧૨ હેઠળ વેટ/એસ.જી.એસ.ટી. સહાય

15/3/157 *84 **શ્રી પ્રવિણભાઈ મનજીભાઈ ઘોઘારી (કરંજ):**

**ઉદ્યોગ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી-૨૦૧૨ હેઠળ ટેક્ષટાઇલ ક્ષેત્રના એકમોની કુલ કેટલી દાવા અરજીઓને વેટ/એસ.જી.એસ.ટી. સહાય ચૂકવણી કરવામાં આવી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી સહાયનું ચુકવણું કરવામાં આવેલ છે?

----

## પોરબંદરના અસ્માવતીઘાટમાં કાંપ ભરાઈ જવાની ઘટના

15/3/487 *85 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**મત્સ્યોદ્યોગ :-**

(૧) તા.૩૧-૦૭-૨૩ની સ્થિતિએ પોરબંદર બંદરના અસ્માવતીઘાટ પાસે બારાની મુખ્ય ચેનલમાં કાંપ ભરાઈ જવાના કારણે માછીમારોને થતી મુશ્કેલી અંગેની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ માછીમારોને પડતી મુશ્કેલી નિવારવા માટે ખાડીમાં ડ્રેજીંગ કરવા અંગે શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

----

## અમરેલી જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ

15/3/313 *86 **શ્રી હિરાભાઈ ઓધવજીભાઈ સોલંકી (રાજુલા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા જાફરાબાદ-ખાંભા તાલુકામાં આવેલ પ્રાથમિક શિક્ષકોની કેટલી ઘટ છે, અને

(૨) ઉક્ત ઘટતા પ્રાથમિક શિક્ષકોની નિમણૂક કેટલા સમય દરમ્યાન પૂર્ણ કરવાનું આયોજન છે?

----

## મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ પર બાન મૂકવા બાબત

15/3/484 *87 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં તા.૨૨/૦૩/૨૦૨૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૪૪૧૨૮ (અગ્રતા-૭૫)ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી(અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ તેમજ તેના તમામ ડીરેક્ટર્સને તા.૨૦/૫/૨૦૨૧ના હુકમથી બ્લેકલીસ્ટ અર્થાત બાન મુકવામાં આવેલ તે તમામ વિભાગોને જાણ કરવા માટે વિભાગ દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગના 'Manual of Office Procedure for Purchase of Stores by the Government Departments'ના ચેપ્ટર-૧૫ મુજબ કાર્યવાહી ચાલુ હતી તે કાર્યવાહી તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ ક્યારે પૂર્ણ કરીને તમામ વિભાગોમાં બાન મુકવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત કાર્યવાહી પૂર્ણ ન થઈ હોય તો તેના કારણો શા છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

----

## રાજ્યમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની ઘટ

15/3/479 *88 **ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

(૧) તા.૩૧-૭-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

----

## રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષકોની ભરતી

15/3/474 *89 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

(૧) તા.૩૦/૦૬/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર વિષય ભણાવવા માટે શિક્ષકોની ભરતી માટેની પરીક્ષા છેલ્લે ક્યારે લેવામાં આવેલ,

(૨) ઉક્ત પરીક્ષામાં કેટલા ઉમેદવારો નોંધાયેલ તે પૈકી કેટલા ઉમેદવારોએ પરીક્ષા આપેલ,

(૩) તે પૈકી કેટલા ઉમેદવારો પાસ થયેલ, અને

(૪) ઉક્ત સ્થિતિએ પાસ થયેલા ઉમેદવારો પૈકી કેટલા ઉમેદવારોને નિમણૂક આપવામાં આવી અને કેટલા ઉમેદવારોને ક્યા કારણોસર નિમણૂક આપવાની બાકી છે?

----

## વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાંથી સબસીડાઈઝ યુરીયા ખાતર બારોબાર વેચવા બાબત

15/3/500 *90 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાંથી ખેડૂતોના સબસીડી વાળા યુરીયા ખાતરને બારોબાર કંપનીમાં વેચવા હોવાના કેટલા ગુનાઓ કોની સામે નોંધાયા,

(૨) તેમાં કેટલી રકમનો કેટલો જથ્થો બારોબાર વેચ્યો હોવાનું સામે આવ્યું,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૩) ઉક્ત બાકી આરોપીઓને પકડવા શાં પગલાં લીધાં ?

----

## રાજ્યમાં કૃષિ સંશોધન કેન્દ્રો અને કૃષિ યુનિવર્સિટીઓમાં સંશોધન વૈજ્ઞાનિક/કૃષિ વૈજ્ઞાનિકોનું મંજૂર મહેકમ

15/3/470 *91 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કૃષિ સંશોધન કેન્દ્રો અને કૃષિ યુનિવર્સિટીઓમાં સંશોધન વૈજ્ઞાનિક કે કૃષિ વૈજ્ઞાનિકોની કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

----

## સાબરકાંઠા જિલ્લામાં ક્ષેત્રિય નિદર્શન ગોઠવવા બાબત

15/3/99 *92 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા ક્ષેત્રિય નિદર્શન ગોઠવવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલી સહાય ચુકવવામાં આવી છે?

----

## જૂનાગઢ જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે મળેલ ફરિયાદો

15/3/174 *93 **શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા (માંગરોળ):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન જૂનાગઢ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે કર્મચારી/વર્કરોના શોષણ અને અન્યાય બાબતે કેટલી ફરિયાદો મળી, અને

(૨) તે ફરિયાદો અનુવયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

**મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી પાસેથી થતી લેવાની રકમ**

15/3/504 *94 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં તા.૨૮/૦૯/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૪૦૨૪૯ (અગ્રતા-૯૬)ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.

(૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી(અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડને રૂ.૬૬૮.૮૪ લાખ રકમની ખોટી રીતે ચૂકવણી થયેલ રકમ CAGના આખરી રીપોર્ટના આધારે વર્ષ:૨૦૧૪થી પરત લેવાની થાય છે તે અન્વયે તા.૩૧-૭-૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ પરત મેળવવામાં આવી,

(૨) ઉક્ત રકમ પર કેટલા ટકા લેખે વ્યાજ વસુલવાનું છે,

(૩) ઉક્ત સ્થિતિએ ખોટી રીતે ચુકવાયેલ તે અને વ્યાજ સહિત કુલ કેટલી રકમ ઉક્ત એજન્સી પાસેથી વસુલવાની બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રકમ વસુલવા ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા ?

----

**બોટાદ તાલુકાના સરવા અને નાના પાળિયાદ ગામની પ્રાથમિક શાળાઓનું મકાન**

15/3/300 *95 **શ્રી ઉમેશભાઈ નારણભાઈ મકવાણા (બોટાદ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ બોટાદ તાલુકાના સરવા ગામ અને નાના પાળિયાદ ગામ ખાતે આવેલ પ્રાથમિક શાળાઓના જર્જરીત મકાનો તોડી પાડવામાં આવ્યા છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ બે ગામમાં શાળાના નવા મકાનો બનાવવાની કામગીરી કયા તબક્કે છે,

(૩) તેના માટે કેટલી રકમ ફાળવવામાં આવી છે, અને

(૪) શાળાના મકાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

----

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ**

15/3/508 *96 **શ્રી ચૈતરભાઈ દામજીભાઈ વસાવા (દેડીયાપાડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

(૧) તા.૧૯/૦૮/૨૦૨૩ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં કેટલા પ્રાથમિક શિક્ષકોની ઘટ છે,

(૨) ઉક્ત સ્થિતિએ એક શિક્ષકથી ચાલતી પ્રાથમિક શાળાઓ કેટલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જગ્યાઓ ન ભરવાના કારણો શાં છે?

----

## રાજ્ય સરકારે શ્રમયોગી કલ્યાણ બોર્ડમાંથી લીધેલ ભંડોળ

15/3/482 *97 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) સને ૨૦૨૦માં રાજ્ય સરકારે બાંધકામ મજૂરોના શ્રમયોગી કલ્યાણ બોર્ડમાંથી રૂ.૨૫૦ કરોડનું ભંડોળ લીધેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ તે પૈકી કેટલી રકમ પરત કરી અને કેટલી રકમ પરત કરવાની બાકી છે,

(૩) ઉક્ત બાકી રકમ પરત ન કરવાના કારણો શાં છે, અને

(૪) ઉક્ત બાકી રકમ ક્યાં સુધીમાં પરત કરવામાં આવશે?

----

## અરવલ્લી જિલ્લામાં અનુસુચિત જનજાતિના મહિલા લાભાર્થીઓને બકરાં એકમ યોજના હેઠળ લાભ

15/3/53 *98 **શ્રી પી.સી. બરંડા (ભીલોડા):**

**પશુપાલન :-**

૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસુચિત જનજાતિના મહિલા લાભાર્થીઓને બકરાં એકમ (૧૦+૧) યોજના હેઠળ અરવલ્લી જિલ્લામાં કેટલા મહિલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૨) તે અંતર્ગત કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## રાજ્યના માછીમારોને ડીઝલ ક્વોટા અને ડીઝલ સબસીડી સહાય

15/3/447 *99 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**મત્સ્યોદ્યોગ :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં માછીમારોને ડીઝલ ક્વોટા અને અન્ય સરકારી સહાયમાં ડ્રો પધ્ધતિના કારણે પુરતો લાભ ન મળતો હોવાની કેટલી ફરીયાદો સરકારને મળી,

(૨) ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ડ્રો પધ્ધતિના બદલે તમામ માછીમારોને ડીઝલ સબસીડી અને અન્ય સરકારી સહાય ક્યાં સુધીમાં પુરી પાડવામાં આવશે ?

----

## વલસાડ જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે મળેલ ફરિયાદો

15/3/168 *100 **શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ (ધરમપુર):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન વલસાડ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે કર્મચારી/વર્કરોના શોષણ અને અન્યાય બાબતે કેટલી ફરિયાદો મળી, અને

(૨) તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## મહેસાણા જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી મિશન-ઓઈલસીડ યોજના

15/3/48 *101 **શ્રી મુકેશકુમાર દ્વારકાદાસ પટેલ (મહેસાણા):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જીલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી મિશન-ઓઈલસીડ યોજના અંતર્ગત કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી?

(૨) સદર તાલીમોમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી, અને તે પેટે કુલ કેટલો ખર્ચ થયો ?

----

## દાહોદ જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે મળેલ ફરિયાદો

15/3/169 *102 **શ્રી કનૈયાલાલ બચુભાઈ કિશોરી (દાહોદ):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન દાહોદ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે કર્મચારી/વર્કરોના શોષણ અને અન્યાય બાબતે કેટલી ફરિયાદો મળી, અને

(૨) તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## મહેસાણા જિલ્લામાં ખેડૂતોને હાઈબ્રીડ શાકભાજી પાકોના વાવેતર માટે સહાય

15/3/42 *103 **શ્રી જયંતિભાઈ સોમાભાઈ પટેલ (માણસા):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને હાઈબ્રીડ શાકભાજી પાકોના વાવેતર માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## રાજ્યમાં કમોસમી વરસાદને કારણે થયેલ ખેતીના પાકોને નુકસાન

15/3/498 *104 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**કૃષિ :-**

(૧) તા.૩૦/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં થયેલા કમોસમી વરસાદના કારણે કુલ કેટલી રકમના ખેતી પાકોનું નુકસાન થયું,

(૨) ખેતી પાકોના ઉક્ત થયેલ નુકસાનના વળતર પેટે ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમની સહાય ચુકવવાની બાકી છે, અને

(૪) ઉક્ત બાકી સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે ?

----

## અરવલ્લી, અમદાવાદ અને છોટાઉદેપુર જિલ્લામાં ઈન્ફરમરી (પશુ આશ્રયસ્થાન)

15/3/420 *105 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**પશુપાલન :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્ર(૨૦૨૦)માં સભાગૃહમાં રજૂ થયેલ પાંચમી અતારાંકિત યાદીમાં અતારાંકિત પ્રશ્ન ક્રમાંક-૬૫૭૫ના અનુસંધાને માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) અરવલ્લી, છોટા ઉદેપુર અને અમદાવાદ જિલ્લામાં જિલ્લા કલેકટર દ્વારા ઈન્ફરમરી (પશુ આશ્રયસ્થાન) જાહેર કરવામાં આવેલ ન હતા તે સત્વરે જાહેર કરવામાં આવનાર હતા તો તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ક્યારે જાહેર કરવામાં આવેલ છે,

(૨) ઉકત જિલ્લાઓમાં પશુ આશ્રયસ્થાનો ઉકત સ્થિતિએ જાહેર ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને

(3) ઉકત સ્થિતિએ તે અન્વયે કયા જવાબદારો સામે શા પગલાં લીધાં ?

----

## ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના

15/3/325 *106 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર શહેર અને જિલ્લામાં વર્ષવાર ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત્ત સ્થિતિએ વર્ષવાર અને જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી,

(૩) ઉક્ત્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) ઉક્ત્ત પડતર અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

----

## રાજ્યના ખેડૂતોની ઉપજને ટેકાના ભાવે ખરીદવા બાબત

15/3/464 *107 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**કૃષિ :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યના ખેડૂતોને પાક/ઉપજના પોષણક્ષમ ભાવો મળે તે માટે ટેકાના ભાવે ખરીદી થાય તે માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને કયા પાકો કેટલા ભાવે ખરીદી કરવા માટે રજુઆત કે દરખાસ્ત કરી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ભારત સરકારે કયા પાકો વર્ષવાર કેટલા ટેકાના ભાવે ખરીદી કરાવેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકારે જે પાકો ટેકાના ભાવે ખરીદી કરાવેલ તે પાકોમાં રાજ્ય સરકારે કેટલો ભાવ વધારો જાહેર કરેલ છે?

----

## વાઘોડીયા અને વડોદરા તાલુકામાં સરકારી પ્રાથમિક શાળાનાં જર્જરિત ઓરડાઓ

15/3/285 *108 **શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા (વાઘોડીયા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાઘોડીયા અને વડોદરા તાલુકામાં કેટલી સરકારી પ્રાથમિક શાળામાં જર્જરિત ઓરડાઓને તોડવા માટે મંજૂરી આપવામાં આવી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા ઓરડાને તોડવામાં આવ્યા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તોડવામાં આવેલ ઓરડાઓમાંથી કેટલા નવા ઓરડાઓ બનાવવા માટેની મંજૂરી આપવામાં આવી છે?

----

## રાજ્યમાં પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના

15/3/488 *109 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**કૃષિ :-**

(૧) તા.૩૦/૦૬/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ૨૦૨૦થી પ્રધાન મંત્રી ફસલ બિમા યોજના બંધ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શાં છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષ કે તેના પહેલાંના વર્ષના કેટલા ખેડૂતોને કેટલી રકમનો પાક વિમો ચુકવવાનો બાકી છે, અને

(૪) ઉક્ત બાકી પાક વિમાની રકમનું ચૂકવણું થાય માટે સરકારે શા પગલાં લીધાં ?

----

## રાજુલા અને જાફરાબાદ તાલુકામાં ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક લોકોને રોજગારી

15/3/314 *110 **શ્રી હિરાભાઈ ઓધવજીભાઈ સોલંકી (રાજુલા):**

**શ્રમ અને રોજગાર :-**

(૧) તા.૩૧/૭/૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા અને જાફરાબાદ તાલુકામાં વિવિધ

ઔદ્યોગિક એકમોમાં સરકાર દ્વારા નિયત થયેલ ટકાવારી મુજબ સ્થાનિક લોકોને રોજગારી આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ટકા સ્થાનિક લોકોને રોજગારી આપવામાં આવેલ છે?

----

## દસમી વાયબ્રન્ટ સમિટ પુર્વે થયેલ એમ.ઓ.યુ.

15/3/485 *111 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**ઉદ્યોગ :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દસમી વાયબ્રન્ટ સમિટ પુર્વે સેક્ટર વાઈઝ કેટલી રકમના કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સેક્ટરવાઈઝ કેટલી રકમના કેટલા પ્રોજેક્ટનો અમલ થયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ સેક્ટરવાઈઝ કેટલી રકમના કેટલા પ્રોજેક્ટની કામગીરી ચાલુ થવાની બાકી છે?

----

## રાજ્યમાં ટેક્ષટાઈલ્સ અપગ્રેડેશન ફંડ

15/3/480 *112 **ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર):**

**ઉદ્યોગ :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ટેક્ષટાઈલ્સ અપગ્રેડેશન ફંડ કેટલું છે, અને

(૨) ઉક્ત ફંડમાંથી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની સબસીડી મંજૂર કરવામાં આવી?

----

## રાજ્યમાં જ્ઞાન સેતુ યોજના અન્વયે મળેલ અરજીઓ

15/3/477 *113 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

(૧) તા.૩૧-૭-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા છ માસમાં જ્ઞાન સેતુ યોજના હેઠળ રાજ્યમાં જિલ્લાવાર કેટલી શાળાઓની અરજીઓ આવી,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી જિલ્લાવાર કેટલી શાળાઓને તપાસ/ખરાઈ જીલ્લા કક્ષાએથી અને કેટલી શાળાઓની તપાસ/ખરાઈ રાજ્ય કક્ષાએથી પુર્ણ કરવામાં આવેલ,

(૩) ઉકત સ્થિતિએ તે અન્વયે જિલ્લાવાર કેટલી શાળાઓમાં કેટલા બાળકોને સમાવવાનું આયોજન હતું,

(૪) ઉકત યોજના અન્વયે શાળામાં બાળકોને પ્રવેશ માટે પરીક્ષા યોજવાની કયારે જાહેરાત કરવામાં આવેલ, અને

(૫) તે અન્વયે પરીક્ષા કયારે યોજનાર છે ?

----

## નર્મદા અને ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શાળાના જર્જરીત ઓરડાઓ

15/3/512 *114 **શ્રી ચૈતરભાઈ દામજીભાઈ વસાવા (દેડીયાપાડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

(૧) તા.૧૯/૦૮/૨૦૨૩ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લાની જર્જરીત અને ઓરડા વગરની પ્રા.શાળાઓ કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ વૈકલ્પીક વ્યવસ્થાઓ શું કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં ઓરડાઓ ન બનવાના કારણો શાં છે?

----

## ગુજરાત પાઠ્યપુસ્તક મંડળે એજન્સીઓ પાસેથી ખરીદેલ કાગળનો જથ્થો

15/3/467 *115 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ દ્વારા કઈ એજન્સીઓ પાસેથી કયા પ્રકારના કાગળનો કેટલો જથ્થો ખરીદવામાં આવ્યો,

(૨) ઉક્ત ખરીદીમાં ગેરરીતિ થઈ હોવા અંગેની કેટલી ફરીયાદો રાજ્ય સરકારને મળી, અને

(૩) ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે શા પગલાં લીધાં?

----